**<u>ઓર્ડર</u>** **ક્રિ.કેસ નંબર:**– ૯૫૦૩૩/૧૯

૧. કેસનું રેકર્ડ વંચાણે લીધું. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યાં.

૨. આરોપી વિરૂધ્ધ ધી.ઈ.પી.કોડની ક. ૨૭૯,૪૨૭ જી.પી.એ.ક. ........... ધી પ્રોહી. એ.ક.૬૬બી, ૬૫ એ,ઈ મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ફાઈલ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને વારંવાર સમન્સ/ વોરંટ ઈસ્યુ કરતાં આરોપીને સમન્સ/ વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે રેકર્ડ તપાસતાં આરોપીને જામીન પર મુકત કરવામાં આવેલ છે,તેમજ જામીનદારને પ્રોસેસ બજવણી કરવામાં પણ પોલીસ નિષ્ફળ ગયેલ છે/જામીનગીરીની રોકડ રકમ ભરીને જામીનદાર છુટા થયેલ છે. સદરહું કેસને સમન્સ ટ્રાયલની જોગવાઈ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં કેસ ઘણો જુનો છે તેમજ સજાની જોગવાઈ જોતા ખુબ જ ન્યુનતમ સજાની જોગવાઈ છે ત્યારે આવા કેસો પડતર રહેવાથી તેમજ સમન્સ વોરંટ વારંવાર ઈસ્યુ કરવાથી સરકાર ઉપર બિનજરૂરી ખર્ચનો બોજો પડે છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા નથી તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં. ડી ૨૯૧૭/'૦૬, તા. ૧૭–૧૦–'૦૬ ને ધ્યાને લેતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કાક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં <u>પ્રમોદકુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો એઆઈઆર ૨૦૦૨– ૧૮૫૬</u> નો ચુકાદો ધ્યાને લેતાં જે તે કોર્ટ જ નિર્ણય લઈ શકે કે કયા કેસમાં કલમ– ૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. જેથી સદર કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયિક જણાતો ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:–હુકમ–:</u>**

આરોપી સામેના પ્રસ્તુત કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની ક.૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.સદર હુકમથી ફરીયાદપક્ષના હકકને બાધ આવશે નહીં.

તેમ છતાં પોલીસ, આરોપીની શોધ કરી મળી આવે તો ક્રિ.પ્રો.કોડની ક. ૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

મુદામાલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

૧. મુદામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ સમય પછી નાશ કરવો.

૨. મુદામાલ/જામીનગીરીની રોકડ રકમ જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

૩. પોલીસે કબજે કરેલ મુદામાલનું વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલો ન હોય તો મુદામાલનું વાહન તેના રજીસ્ટર્ડ ઓનરને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી, ઓળખની ખાતરી કરી પરત આપવું.

૪. બિનકીમતી મુદામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

હુકમ આજ તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૮/૨/૨૦૨૦

(એચ.એસ.પટેલ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૮, અમદાવાદ.
( UIC NO. GJ00969)